# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૫ તા.૨૬-૧૧-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તા.૧ લી ડિસેમ્બર ‘સમાજ શિક્ષણ દિન’ના ફાળા બાબત.

સંદર્ભ :- અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિના પત્રક્રમાંક-૧૬/એસપીએલ તા.૨૨-૧૧-૧૯ અન્વયે.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે સમાજ શિક્ષણ સમિતિ દ્વારા સમાજ સેવાની પાયાની પ્રવૃત્તિઓ જેવી કે બાલવાડી, ઘોડિયાઘર, માતૃકલ્યાણ કેન્દ્રો, શિશુ કલ્યાણ કેન્દ્રો, એઈડઝ અવેરનેસ, વાંચે ગુજરાત ગૃહ પુસ્તકાલય ચલાવવામાં આવે છે. આ સેવાયજ્ઞમાં સહકાર પ્રદાન કરવા માટે દર વર્ષે ૧ લી ડિસેમ્બરથી સમાજ શિક્ષણ દિન નિમિત્તે ફાળો એકત્ર કરવામાં આવે છે. તે અંતર્ગત તમારી શાળામાંથી પણ વધુને વધુ ફાળો એકત્ર થાય તેવા પ્રયાસો કરવા. તમારી શાળામાં ફાળો એકત્ર કરી જયારે સમાજ શિક્ષણ સમિતિના પ્રતિનિધિ ફાળો લેવા માટે આવે ત્યારે નાણાં આપી પહોંચ મેળવી શાળા દફતરે રાખવી.

તા.૨૬-૧૧-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

અગત્યની નોંધ :-

૧. પરિપત્ર નં.૮૪ તા.૨૫-૧૧-૧૯ માં જણાવ્યા પૈકી માત્ર ગુજરાતી માધ્યમની શાળાઓએ જ ભાષાદીપ અને વિજ્ઞાન સ્વઅધ્યયનપોથી લેવા આવવાનું છે. બાકીના તમામ અન્ય પાંચ (હિન્દી,ઉર્દૂ,મરાઠી,તમીલ અને અંગ્રેજી)માધ્યમની શાળાઓએ સદર સાહિત્ય લેવા આવવાનું રહેતું નથી.
૨. દર માસની આખર તારીખે ‘‘છેલ્લા બે તાસ અનઅધ્યયન’’ રાખવા નહિ. હવેથી આખર તારીખે પણ પૂર્ણ સમયના તમામ તાસનું શૈક્ષણિકકાર્ય કરવા જણાવવામાં આવે છે.

તા.૨૬-૧૧-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૫-A તા.૨૬-૧૧-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ફીટ ઈન્ડીયા વીકની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૬૩૧૨-૯૮ તા.૨૫-૧૧-૧૯ નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે માન.પ્રધાનમંત્રીશ્રી દ્વારા ફીટ ઈન્ડીયા મુવમેન્ટ ઓગસ્ટ-૨૦૧૯ના રોજ લોન્ચ કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે ડીસેમ્બર માસના પ્રથમ અઠવાડિયામાં ફીટ ઈન્ડીયા વીક અંતર્ગત નીચે મુજબની પ્રવૃત્તિઓ કરવા જણાવવામાં આવે છે.

૧. ‘મેજીકલ’ સોમવાર-સ્વદેશી/પરંપરાગત રમતનું આયોજન, સ્ટાફનું ફીઝિકલ ફિટનેશ એસેસમેન્ટ અને યોગ પ્રોટોકોલ(૩ મિનિટ)

૨. ‘ટેમ્પટીંગ’ મંગળવાર-સક્રિય અને જીવનશૈલી હોવા વિશે માતાપિતા સાથે શિક્ષકની બેઠક, બધા સાથે ૩૦ મિનિટનું ફિટનેશ સત્ર અને યોગ પ્રોટોકોલ(૪ મિનિટ)

૩. ‘વિનર્સ’ બુધવાર - સ્ટાફ અને વિદ્યાર્થીઓ વચ્ચે પરંપરાગત રમતો અને યોગ પ્રોટોકોલ(૫ મિનિટ)

૪. ‘ટીમ વર્ક’ ગુરૂવાર- વિદ્યાર્થીઓ માટે કોઈપણ ટીમ રમતો અને યોગ પ્રોટોકોલ(૬ મિનિટ)

૫. ‘ફીટનેશ કવીઝ’ શુક્રવાર- બધા માટે ફીટનેશ/રમતગમત/ખેલો ઈન્ડીયા કિવઝ અને યોગ પ્રોટોકોલ (૭ મિનિટ)

૬. ‘સ્પોર્ટીઅર’ શનિવાર વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતાપિતા માટે મનોરંજક પ્રવૃત્તિઓ, આકારણી અહેવાલ કાર્ડની સોંપણી અને યોગ પ્રોટોકોલ(૮ મિનિટ)

તા.૨૬-૧૧-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૫-B તા.૨૬-૧૧-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- રાજયની સરકારી ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં 'Twinning/Partnership and Teacher Exchange Programme' કાર્યાન્વીત કરવા બાબત.

સંદર્ભ :- પત્ર ક્રમાંક : એસએસએ/કયુઈસી/૨૦૧૯/૩૮૮૨૯-૮૬૫ તા.૯-૧૧-૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ના કેન્દ્ર સરકારના મંજૂર થયેલ બજેટ અન્વયે શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ માટે મંજૂર થયેલ કાર્યક્રમો પૈકી રાજયની સરકારી ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓ માટે Twinning / Partnership and Teacher Exchange Programme મંજૂર થયેલ છે.

Twinning/Partnership and Teacher Exchange Programme અંતર્ગત ક્લસ્ટર દીઠ પસંદગીની ૪ શાળાઓ મુજબ રાજયની સરકારી ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓના બાળકોમાં જીવન કૌશલ્ય વિકસાવવા, આત્મ વિશ્વાસ વધારવા, જ્ઞાન અને પ્રવૃત્તિનું આદાન-પ્રદાન કરવા, જ્ઞાન વહેંચણી દ્વારા શિક્ષકો અને વિદ્યાર્થીઓની ક્ષમતા વધારવાનો આશય છે. આ માટે,

- પોતાની ક્ષમતા તેમજ બીજાની શક્તિ અને સફળતાના સંકલન દ્વારા સંયુકત રીતે શીખવાની કળા
- વિદ્યાર્થીઓના પીઅર-ટુ-પીઅર અને જૂથ અધ્યયન સાથેના શિક્ષણને સક્ષમ બનાવવા
- શિક્ષકોને વધુ સારી અને વધુ અસરકારક પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરી તકો પ્રદાન કરવા
- અભ્યાસક્રમનો વ્યાપ સમજી તેનો અસરકારક અમલ કરવા
- નાવીન્યપૂર્ણ શ્રેષ્ઠ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આદાન-પ્રદાન
- રમત-ગમતની પ્રવૃત્તિઓનું બન્ને શાળા વચ્ચે આયોજન
- શાળા વ્યવસ્થાપનની પ્રવૃત્તિઓ જેવી કે લાયબ્રેરી, વિજ્ઞાન અને ગણિતની લેબોરેટરીને લગતી પ્રવૃત્તિઓનું આદાન-પ્રદાન
- સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ડીબેટ, કવીઝ જેવા કાર્યક્રમો શાળા કક્ષાએ યોજવાના થાય છે.

ઉપરોકત બાબતો અંગે આ કાર્યક્રમ અંતર્ગત શાળા મુલાકાતના ઉદ્દેશ/હેતુ, તેનો થીમ ઓફ ટવીનીંગ, સમયપત્રક (શાળા મુલાકાત આયોજન) અને શાળા મુલાકાતના સામાન્ય સૂચનો આ સાથે સામેલ બિડાણ-એનેક્ષર મુજબની રહેશે. જેનું ચૂસ્તપાલન કરવા જણાવવામાં આવે છે.

દરેક ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ શાળા મુલાકાત આયોજન(કઈ શાળા કયાં જશે,કઈ તારીખે જશે, શું જોશેની વિગતો સાથે) મુજબ પસંદ થયેલી અપર પ્રાયમરી શાળા બે તબક્કામાં શાળા મુલાકાત કરશે. આ શાળા મુલાકાતનો અહેવાલ જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીને જમા કરાવવાનો રહેશે. દરેક મદદનીશ શાસનાધિકારીએ સમગ્ર ઝોનનો વિગતવાર અહેવાલ અત્રેની કચેરીએ આપવાનો રહેશે.

આ રીતે પસંદ થનાર શાળાઓને શાળા દીઠ મહત્તમ ૧૦૦ વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી દીઠ રૂા.૧૦૦/- મુજબ મહત્તમ રૂા.૧૦,૦૦૦/-ની ગ્રાન્ટ એસ.એમ.સી.માં જમા કરાવવામાં આવશે. જેનો નિયમો મુજબ ખર્ચ કરવાનો રહેશે.

શાળા પસંદગી માટે ઝોન કક્ષાની કમિટી

| ક્રમ | અધિકારી / કર્મચારી | હોદ્દો |
|---|---|---|
| ૧ | મદદનીશ શાસનાધિકારી | અધ્યક્ષ |
| ૨ | યુ.આર.સી.કો.ઓર્ડિનેટર | ઉપાધ્યક્ષ |
| ૩ | સી.આર.સી.કો.ઓર્ડિનેટર | સભ્ય |
| ૪ | સી.આર.સી.કો.ઓર્ડિનેટર | સભ્ય |
| ૫ | સી.આર.સી.કો.ઓર્ડિનેટર | સભ્ય |
| ૬ | સી.આર.સી.કો.ઓર્ડિનેટર | સભ્ય |
| ૭ | પે કેન્દ્રના મુખ્ય શિક્ષક | સભ્ય |

બિડાણ :- એનેક્ષર

તા.૨૬-૧૧-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

## એનેક્ષર

**શાળા મુલાકાતનો ઉદેશ/હેતુ :**

- એકબીજા સાથે જોડાનાર શાળાઓ શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આદાન-પ્રદાન કરશે
- શિક્ષકો અને વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ વિચારોના આદાન-પ્રદાન દ્વારા ક્ષમતાવિકાસ થશે
- પોતાની ક્ષમતા તેમજ બીજાની શક્તિ અને સફળતાના સંકલન દ્વારા પ્રગતિ સાધશે
- એકબીજા સાથે જોડાયેલી શાળાના વિદ્યાર્થીઓ વ્યક્તિગત અને જૂથમાં રહીને વધુ સક્ષમ બનશે
- શિક્ષકોને વધુ સારી અને વધુ અસરકારક પદ્ધતિઓ અપનાવવા માટેની તક મળશે

**થીમ ઓફ ટ્વીનીંગ :**

- શ્રેષ્ઠ પ્રવૃત્તિઓનું આદાન-પ્રદાન
- નાવીન્યપૂર્ણ પ્રવૃતિઓનું આદાન-પ્રદાન
- રમત-ગમતની પ્રવૃતિઓનું બંને શાળા વચ્ચે સ્પર્ધાત્મક આયોજન
- શાળાકીય આયોજન અને શાળા વ્યવસ્થાપનની પ્રવૃતિઓ, જેવી કે, લાયબ્રેરી, ગણિત અને વિજ્ઞાન લેબોરેટરીને લગતી પ્રવૃત્તિઓનું આદાન-પ્રદાન
- સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ડીબેટ, ક્વીઝનું આયોજન
- વર્ગખંડના શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ અને જાણકારી
- અન્ય સર્જનાત્મક બાબતો

**સામાન્ય સૂચનાઓ**

- આ કાર્યક્રમ ક્લસ્ટરદીઠ પસંદીત ૪ સરકારી ઉચ્ચતર પ્રાથમિક(ધો.૬-૮) શાળાઓમાં કાર્યાન્વીત કરવાનો રહેશે
- શાળા પસંદગી માટે તાલુકા કક્ષાએ એક કમિટી બનાવવાની રહેશે.

| ક્રમ | અધિકારી/કર્મચારી | હોદ્દો |
|---|---|---|
| ૧ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી | અધ્યક્ષ |
| ૨ | બી આર સી કો ઓર્ડીનેટર | ઉપાધ્યક્ષ |
| ૩ | સી આર સી કો ઓર્ડીનેટર | સભ્ય |
| ૪ | સી આર સી કો ઓર્ડીનેટર | સભ્ય |
| ૫ | સી આર સી કો ઓર્ડીનેટર | સભ્ય |
| ૬ | સી આર સી કો ઓર્ડીનેટર | સભ્ય |
| ૭ | તાલુકા શાળાના આચાર્ય | સભ્ય |

Scanned by CamScanner

- કમિટી એ શાળા પસંદગી પ્રક્રિયામાં સબંધિત ક્લસ્ટરના સીઆરસી કો.ઓ.ની ઉપસ્થિતમાં ચર્ચા કરી જે તે ક્લસ્ટર / બ્લોક માં બે બે શાળાઓની જોડી બનાવી યાદી ફાઈનલ કરવાની જવાબદારી કમિટીની રહેશે.
- શાળાની પસંદગી કરતી વખતે શાળાની પ્રવૃત્તિઓની વિશેષતાઓને ધ્યાનમાં રાખવાની રહેશે. શાળા જેવીકે જ્ઞાનકુંજ, બાલા, ગ્રીનસ્કુલ, NCERT કીટનો ઉપયોગ, ગણિત-વિજ્ઞાન મંડળ વગેરે જેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સારી અને અસરકારકરીતે ચાલતી હોય તેવી શાળાઓને પ્રાધાન્ય આપવાનું રહેશે.
- પ્રત્યેક ક્લસ્ટર દીઠ ૪ શાળાની પસંદગી કરવાની રહેશે
- પસંદ થયેલી શાળાઓની **તેઓના જ ક્લસ્ટર/બ્લોકની અન્ય પસંદ થયેલી શાળાઓ** પૈકી બે-બે શાળાઓની પ્રવૃત્તિની વિવિધતા પ્રમાણે જોડી બનાવવાની રહેશે. જેમ કે, જ્ઞાનકુંજ શાળાનું BaLA સ્કૂલ સાથે જોડાણ.
- જે બે શાળાઓની જોડી બનશે તે બંને શાળાના ધોરણ ૬ થી ૮ના શાળાદીઠ ૧૦૦ વિધાર્થીઓ, મુખ્યશિક્ષક તથા ધોરણ ૬ થી ૮ના શિક્ષકો એકબીજાની શાળાની **બે તબક્કામાં** મુલાકાત કરશે.

  દા.ત. 'એ' શાળાની 'બી' શાળા સાથે, અને 'સી' શાળાની 'ડી' શાળા સાથે જોડી બનાવતા, 'એ' શાળા 'બી' શાળાની મુલાકાત કરશે, અને 'બી' શાળા 'એ' શાળાની મુલાકાત કરશે. આ મુજબ જ 'સી' અને 'ડી' શાળા એકબીજાની મુલાકાત કરશે.
- પ્રથમ તબ્બકામાં બંને શાળાના ૫૦-૫૦ વિધાર્થીઓ, મુખ્યશિક્ષક તથા એક કે બે શિક્ષક એકબીજાની શાળાની વારાફરતી મુલાકાત લેશે અને બીજા તબક્કામાં બંને શાળાના બીજા ૫૦-૫૦ વિદ્યાર્થીઓ મુખ્યશિક્ષક તથા એક કે બે શિક્ષક એકબીજાની શાળાની વારાફરતી મુલાકાત લેશે.
- શાળાના મુખ્યશિક્ષકે બંને તબક્કામાં પોતાની શાળાના વિદ્યાર્થીઓની સાથે મુલાકાતમાં જોડાવાનું રહેશે. બંને તબક્કામાં જોડાનાર શિક્ષકો અલગ અલગ હોઈ શકે છે.
- **બંને તબક્કાની મુલાકાતના દિવસે વિદ્યાર્થીઓ માટે નાસ્તા અને આવવા જવાનો ખર્ચ મુલાકાતી શાળાએ તેઓને આ કાર્યક્રમ માટે ફાળવવમાં આવેલી ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.**
- મુલાકાતી શાળાએ યજમાન શાળામાં પ્રાર્થનાસભા શરુ થતા પહેલા પહોચી, પૂર્ણ સમય માટે શાળામાં રોકાઈ આ સાથે જણાવેલ દૈનિક આયોજન મુજબ પ્રવૃત્તિઓ/કાર્યક્રમોમાં જોડાવાનું રહેશે.
- યજમાન શાળાએ પોતાની શાળામાં ચાલતી શ્રેષ્ઠ પ્રવૃત્તિઓ મુલાકાતી શાળાના વિદ્યાર્થીઓ જોઈ/સમજી શકે તેમજ ચર્ચા/પ્રશ્નોત્તરી દ્વારા દ્રઢ કરી શકે તેવું આયોજન કરવાનું રહેશે.
- મુલાકાતના દિવસે બંને શાળાના વિદ્યાર્થીઓ સાથે મળીને ભાગ લઈ શકે તે માટે શાળા સ્વચ્છતા, જળસંચય, ડીબેટ, સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, વકતૃત્વ સ્પર્ધાઓ, સુશોભન સ્પર્ધાઓ વગેરેનું આયોજન યજમાન શાળાએ કરવાનું રહેશે.
- મુલાકાતી શાળાના વિધાર્થીઓએ શાળા મુલાકાત દરમ્યાન પોતાની નોટબૂકમાં સમગ્ર મુલાકાતનું વિવરણ લખવાનું રહેશે.
- મુલાકાતે ગયેલ મુખ્યશિક્ષક, શિક્ષકો અને વિધાર્થીઓએ યજમાન શાળાએ યોજેલ શાળાની વિવિધ પ્રવૃતિમાં/કાર્યક્રમમાં જોડાવાનું રહેશે અને કોઈ પ્રવૃત્તિ મુલાકાતી શાળા શીખવા ઈચ્છા ધરાવતી હોય તો યજમાન શાળાનાં શિક્ષક મુલાકાતી શાળામાં બંને શાળાના મુખ્યશિક્ષકોની સહમતી મેળવીને એક દિવસ પૂરતા મુલાકાતી શાળામાં જઈને વધુ માર્ગદર્શન દ્વારા સહયોગ આપી શકશે.

Scanned by CamScanner

- મુલાકાત લેનારા શાળાના મુખ્યશિક્ષકશ્રી, શિક્ષકો અને વિધાર્થીઓએ યજમાન શાળાની વિશેષતાઓ જેવીકે જ્ઞાનકુંજ, બાલા, ગ્રીન સ્કુલ, પ્રયોગશાળા, લાયબ્રેરી વગેરે તથા પોતાના અભિપ્રાય અલગ કાગળમાં લખી યજમાન શાળાના મુખ્યશિક્ષકશ્રીને આપવાના રહેશે.
- વિધાર્થીના જ્ઞાનમાં વૃદ્ધિ થાય તે હેતુથી શાળા મુલાકાત દરમ્યાન જે-તે શાળાના સ્થળની વિશેષતાઓ, શાળાની નજીકમાં આવેલી ઐતિહાસિક જગ્યા કે જોવાલાયક સ્થળ હોય તો શાળાની પ્રવૃત્તિ પૂર્ણ થયા પછીના સમયમાં મુલાકાત લઈ શકાશે. આ માટે શિક્ષકે વિધાર્થીઓ સાથે ફરજિયાત હાજર રહેવાનું રહેશે. આખી મુલાકાત દરમ્યાન વિધાર્થીઓની સલામતીની સંપૂર્ણ જવાબદારી આચાર્ય અને મુલાકાતે ગયેલા શિક્ષકોની રહેશે.
- શાળા પ્રવાસ-પર્યટન માટે રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- મુલાકાત દરમ્યાન યોજાયેલ પ્રવૃત્તિઓનું સીઆરસી કો.ઓ. દ્વારા મોનીટરીંગ કરી શગુન પોર્ટલ પર ફોટા અને વિગતો UPLOAD કરવાની રહેશે.
- મુલાકાત દરમ્યાન નીચે મુજબના સમયપત્રકને અનુસરવાનું રહેશે.

**Twinning/partnership and Teacher Exchange programme**

**<u>શાળા મુલાકાત આયોજન</u>**

| ક્રમ | કાર્યક્રમ | સમય |
|---|---|---|
| ૧ | સમૂહ પ્રાર્થના, પ્રારંભિક પરિચય, સૂચનાઓ, શાળા મુલાકાતનો હેતુ | ૩૦ મિનિટ |
| ૨ | વર્ગખંડની અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં બાળકો અને શિક્ષકની સામેલગીરી | ૪૫ મિનીટ |
| ૩ | વિધાર્થીઓનુ શાળા ભ્રમણ : શાળા પરિચય, નર્સરી, પ્રયોગશાળા, લાયબ્રેરી, શાળા સ્વચ્છતા, મેદાન, કિચનશેડ ઔષધ બાગ, પીવાના પાણીની સુવિધા, બુલેટીન બોર્ડ, સુવિચારો, નોટીસબોર્ડ વગેરે. | ૩૦ મિનિટ |
| ૪ | શાળાની શ્રેષ્ઠ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓનું નિદર્શન (અંદાજીત મોટી રીશેસ પહેલા) | ૧ કલાક |
| ૫ | સાંસ્કૃતિક કાર્યક્રમ, રમત ગમત. | ૪૫ મિનીટ |
| ૬ | ડીબેટ, વકતૃત્વ, વિધાર્થી ચર્ચા, અભિપ્રાય | ૪૫ મિનીટ |
| ૭ | શાળાની આસપાસ કોઈ ઐતિહાસિક જગ્યા કે જોવાલાયક સ્થળ હોય તો તેની મુલાકાત | ૧ કલાક |

Scanned by CamScanner